<u>તાત્કાલિક</u>

# જિલ્લા નાયબ નિયામક (વિ.જા) ની કચેરી,


રૂમ નં. ૨૦૬, સી-બ્લોક, બીજો માળ, નર્મદા ભવન વડોદરા

ફોન નં. ૦૨૬૫-૨૪૨૬૬૨૨ E-mail Id: dydir-ddcw-vad@gujarat.gov.in


નં.જિનાની/વિ.જા/૨૦૨૩-૨૪/ 2193 તા.૨૧/03/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી તમામ,

............................................

વડોદરા

વિષય: પ્રિ-મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ અરજીઓનો નિકાલ કરવા બાબત.

જય ભારત સહ જણાવવાનું કે, વિકસતી જાતિની(OBC) શિષ્યવૃત્તિની વિવિધ યોજના ગુજરાત પોર્ટલ પર અમલિત છે. જે અન્વયે જણાવવાનું કે,

- વર્ષ ૨૦૨૩-૨૪ માં પ્રિ-મેટ્રીક સ્કોલરશીપની ધો.૧ થી ૮ માં શાળા લેવલે પડતર વિદ્યાર્થીઓની પ્રપોઝલ બનાવી જિલ્લા કચેરીને તાત્કાલિક ઓનલાઇન ફોરવર્ડ કરવાની રહેશે.
- તેમજ PM YASASVI PRE-MATRIC SCHOLARSHIP ધો.૯ થી ૧૦ માં શાળા લેવલે કુલ ૬૫૮૪ વિદ્યાર્થીઓની પ્રપોઝલ પેન્ડીંગ છે. આ વિદ્યાર્થીઓ પૈકી ૮૨૫ વિદ્યાર્થીઓનું PFMS વેરીફીકેશન થઈ ગયેલ છે. તેમજ ૧૭૫૧ વિદ્યાર્થીઓનું NPCI Statusમાં Error છે. તે વિદ્યાર્થીઓનું સામેલ પત્રક મુજબની આચાર્યશ્રીઓએ કામગીરી કરવા જણાવવામાં આવે છે. ૪૦૦૮ વિદ્યાર્થીઓની એન્ટ્રી અપૂર્ણ હોઇ તે વિદ્યાર્થીઓની એન્ટ્રી પૂર્ણ કરી ઉપર મુજબની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. વધુમાં જણાવવાનું કે, શાળા લેવલે પડતર સરસ્વતી સાધના યોજના(સાયકલ)ની દરખાસ્ત ઓનલાઇન ફોરવર્ડ કરવાની રહેશે.
- વર્ષ ૨૦૨૩-૨૪ માં તા.૨૧/03/૨૪ ની સ્થિતિએ શાળા/કોલેજ/સંસ્થા ખાતે PM YASASVI POST MATRICમાં ૧૪૧૮, કુડબીલ સહાયમાં ૯૫, સાધન સહાય ૩૪, std 11-12 Private Tution Sahayમાં ૨૪ એમ કુલ ૧૫૭૧ અરજીઓ પેન્ડીંગ છે. આ તમામ અરજીઓ વેરીફાઇ કરી જિલ્લા કચેરીને ઓનલાઇન ફોરવર્ડ કરવાની રહેશે તેમજ જે અરજીઓ પૂર્તતા માટે પરત કરેલ હોય તે અરજી વિદ્યાર્થીને તરત જ પૂર્તતા માટે પરત કરવા વિનંતી છે.

આમ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ પૂર્ણ થવાને આરે હોય વર્ષ ૨૦૨૩-૨૪ ની તમામ અરજીઓનો નિકાલ માર્ચ-૨૪ અંતિત કરવાનો રહેશે. જો કોઇ વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી વંચિત રહી જશે તો તેની સઘળી જવાબદારી જે તે શાળા/કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીની રહેશે.

P.T.O

Scanned with CamScanner

Joshi

જિલ્લા નાયબ નિયામક

વિ.જા, વડોદરા

નકલ સવિનય રવાના:

૧.માન.કલેક્ટરશ્રી, વડોદરા

૨.માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વડોદરા

૩.માન.નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા, ગાંધીનગર

<u>નકલ રવાના:</u>

૧.રજિસ્ટ્રારશ્રી, એમ.એસ.યુનિવર્સીટી વડોદરા સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારૂ.

૨.રજિસ્ટ્રારશ્રી, પારુલ યુનિવર્સીટી વડોદરા સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારૂ.

૩.રજિસ્ટ્રારશ્રી, સુમનદીપ યુનિવર્સીટી વડોદરા સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારૂ.

૪.રજિસ્ટ્રારશ્રી, ગુજરાત ટેકનોલોજી યુનિવર્સીટી અમદાવાદ સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારૂ.

૫.રજિસ્ટ્રારશ્રી, સિગ્મા યુનિવર્સીટી વડોદરા સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારૂ.

૬.નાયબ નિયામકશ્રી તાલીમ(પ્રાદેશિક કચેરી) વડોદરા તરફ જાણ તથા આપના હસ્તકની આઇ.ટી.આઇ સંસ્થાને જાણ કરવા સારૂ.

૬.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, વડોદરા તરફ જાણ તથા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સુચના આપવા તથા આપની વેબ સાઇટમાં ઓનલાઇન મુકવા સારૂ.

૭.જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત વડોદરા

૮.શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ વડોદરા

1369
જા.નં./ક.૩/ 2023-24
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
કારેલીબાગ, વડોદરા
તા.૨૨/૩/૨૪.

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ

જાણ તથા અમલ સારૂ

નકલ રવાના
EI/AEI શ્રી તમામ અમલ કરાવવા સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

Scanned with CamScanner

# NPCI/ PFMS PENDINGવાળા વિદ્યાર્થીઓ માટે (સરકારી તથા ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓ માટે )

૧

| મોબાઈલ નંબર આધારકાર્ડ સાથે લિંક હોય તેવા કિસ્સામાં | |
|---|---|
| STEP-1 | આધારકાર્ડ સાથે બેંક ખાતુ લિંક કરાવવુ |
| STEP-2 | બેંક ખાતામાં આધાર D.B.T. Enable કરાવવું |
| | નોંધ-૧ આધાર D.B.T. Enable કરતી વખતે આધારકાર્ડ સાથે લિંક મોબાઈલ નંબરમાં OTP આવશે જે O.T.P. Verify કર્યા બાદ જ આધાર D.B.T. Enable થશે. |
| | નોંધ-૨ જેથી આધારકાર્ડ સાથે લિંક મોબાઈલ નંબર સાથે લઈ જવા વિનંતી. |

૨

| મોબાઈલ નંબર આધારકાર્ડ સાથે લિંક ન હોય તેવા કિસ્સામાં | |
|---|---|
| STEP-1 | નજીકના CSC સેન્ટર પર જઈને મોબાઈલ નંબર આધારકાર્ડ સાથે લિંક કરાવવો. |
| STEP-2 | આધારકાર્ડ સાથે બેંક ખાતુ લિંક કરાવવુ |
| STEP-3 | બેંક ખાતામાં આધાર D.B.T. Enable કરાવવું |
| | નોંધ-૧ આધાર D.B.T. Enable કરતી વખતે આધારકાર્ડ સાથે લિંક મોબાઈલ નંબરમાં OTP આવશે જે O.T.P. Verify કર્યા બાદ જ આધાર D.B.T. Enable થશે. |
| | નોંધ-૨ જેથી આધારકાર્ડ સાથે લિંક મોબાઈલ નંબર સાથે લઈ જવા વિનંતી. |

| અગત્યની નોંધ |
|---|
| નોંધ-૧ જો આધારકાર્ડ સાથે લિંક મોબાઈલ નંબર બંધ થઈ ગયેલ હોય તો પણ ક્રમ નં.૨ મુજબની કાર્યવાહી કરવી. |
| નોંધ-૨ શિષ્યવૃત્તિની દરખાસ્ત થયા બાદ જ સાયકલની દરખાસ્ત થશે. |



Scanned with CamScanner